ખાતાકીય બઢતી સમિતિએ બઢતીની વિચારણા માટે સંબંધિત અધિકારી / કર્મચારીઓના ખાનગી અહેવાલ ધ્યાનમાં લેવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસએલટી/૧૦૮૯/૮૯૪/પાર્ટ-૧/ગ-૨
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૧૨/૦૫/૨૦૧૬

વંચાણમાં લીધા :-

(૧) સા.વ.વિ.નો તા.૦૭/૦૨/૧૯૯૫નો ઠરાવ ક્રમાંક:એસએલટી/૧૦૮૯/૮૯૪/ગ-૨

(૨) સા.વ.વિ.નું તા.૨૯/૧૦/૦૫નું જાહેરનામા ક્રમાંક:GS/2005/35/CRR/102005/1008/G2

(૩)સા.વ.વિ.નો તા.૨૯/૧૦/૨૦૦૫નો પરિપત્ર ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ-૨

આમુખ : -

સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૭/૨/૧૯૯૫ના ઠરાવથી ઉપલી જગ્યાઓ પર બઢતીઓ માટેની કામચલાઉ પસંદગીયાદીઓ તૈયાર કરવા માટેની ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિત અધિકારી/કર્મચારીઓને પસંદગી યાદીમાં સમાવવાની યોગ્યતા નક્કી કરવા માટે સમિતિની બેઠકની તારીખથી તરત પહેલાના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલોને વિચારણામાં લેવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓ હાલ વર્ગ-૧ ની પ્રથમ તબક્કા સુધીની તમામ બઢતીઓ માટે લાગુ પડે છે. તા.૦૭/૦૨/૧૯૯૫ના ઠરાવ મુજબ કોઇ અધિકારી/કર્મચારીના કોઇ વર્ષના ખાનગી અહેવાલ લખાયેલ ન હોય તો પાંચ વર્ષના સમયગાળાના ખાનગી અહેવાલ પૂર્ણ કરવા તેટલા સમયના આગળના વર્ષના ખાનગી અહેવાલ વિચારણામાં લેવાની સૂચના છે. પરંતુ,સીધી ભરતીના કિસ્સામાં આગળના વર્ષના ખાનગી અહેવાલ પણ ઉપલબ્ધ ન હોવાથી પાંચ વર્ષના ખાનગી અહેવાલ ઉપલબ્ધ થઇ શકતા નથી. આથી, વર્ગ-૧ ની પ્રથમ તબક્કા સુધીની તમામ જગ્યાએ બઢતી આપવા માટે છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ ધ્યાને લેવા અંગેની સૂચનાઓમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૭/૨/૧૯૯૫ના ઠરાવથી ઉપલી જગ્યાઓ પર બઢતીઓ માટેની કામચલાઉ પસંદગી યાદીઓ તૈયાર કરવા માટેની ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિત અધિકારી/કર્મચારીઓને પસંદગી યાદીમાં સમાવવાની યોગ્યતા નક્કી કરવા માટે સમિતિની બેઠકની તારીખથી તરત પહેલાના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલોને વિચારણામાં લેવાની સૂચનાઓ હાલ અમલમાં છે તે જોગવાઇઓમાં નીચે મુજબની જોગવાઇ ઉમેરવામાં આવે છે:-

**" નિયત અનુભવમાં સક્ષમ કક્ષાએથી છૂટછાટ આપવામાં આવી હોય ત્યારે વર્ગ-૧ની પ્રથમ તબક્કા સુધીની તમામ બઢતી માટે સીધી ભરતીના અધિકારી/કર્મચારીઓના કિસ્સામાં છૂટછાટ આપ્યા બાદના જરૂરી અનુભવ પૈકીના પૂર્ણાંક વર્ષના ખાનગી અહેવાલ / કામગીરી મૂલ્યાંકન અહેવાલો/મૂલ્યાંકન અહેવાલો (અજમાયશી સમયગાળાના મૂલ્યાંકન અહેવાલો સહિત) ધ્યાને લેવાના રહેશે. "**

આ ઠરાવની જોગવાઇની અમલવારી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ દરમિયાન મળેલ/મળનાર ખાતાકીય પસંદગી સમિતિઓને જ લાગુ પડશે. સચિવાલયના વહીવટી વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરી/સંસ્થાઓમાં આ ઠરાવની સૂચનાઓનું પાલન થાય તે જોવા સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.એમ.અધ્વર્યુ )
અધિક સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ / અગ્ર સચિવશ્રીઓ / અધિક મુખ્ય સચિવશ્રીઓ. (સંબંધિત વિભાગોએ તેમના ખાતાના વડાઓની આ બાબતે જાણ અને જરૂરી કાર્યવાહી માટે માહિતી આપવી.)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
- વિશિષ્ટ ફાઈલ.
- પત્ર દ્વારા.